Seat No. : ______________

# AK-111

**April-2022**

**B.A., Sem.-VI**

**CC-314/A : Gujarati**

(‘આપણાં સૉનેટ’ – સંપા. ચંદ્રશંકર ભટ્ટ)

**Time : 2 Hours]** **[Max. Marks : 50**

**સૂચના :** સૂચના પ્રમાણે ઉત્તર આપો.

## વિભાગ – I

વિભાગ – Iમાંથી કોઈપણ ત્રણ પ્રશ્નોના ઉત્તર આપો. દરેક પ્રશ્ન **14** ગુણ ધરાવે છે. **42**

1. સૉનેટ સ્વરૂપના ઉદ્‌ભવ અને વિકાસના મહત્ત્વના સ્થિત્યંતરોની ચર્ચા કરો.

2. સૉનેટની વ્યાખ્યા આપી, સ્વરૂપના મહત્ત્વના લક્ષણોનો પરિચય કરાવો.

3. સૉનેટ ક્ષેત્રે ઉમાશંકર જોશીનું પ્રદાન વર્ણવી, ગુજરાતી સૉનેટની ચર્ચા કરો.

4. ‘આપણાં સૉનેટ’માં સંગ્રહિત જયંત પાઠકનાં વતનપ્રીતિના સૉનેટની ચર્ચા કરો.

5. ‘આપણાં સૉનેટ’માં સંગ્રહિત ‘આધુનિક અરણ્ય’ સૉનેટની આસ્વાદલક્ષી ચર્ચા કરો.

6. ‘આપણાં સૉનેટ’માં સંગ્રહિત ‘વળાવી બા આવી’ અને ‘બાને’ સૉનેટમાં આલેખાયેલ ચિંતન વિશે ચર્ચા કરો.

7. વિવેચનાત્મક નોંધ લખો :
   (1) ‘ભણકારા’ સૉનેટની રસલક્ષી ચર્ચા કરો.
   (2) ‘જૂનું ઘર ખાલી કરતાં’ સૉનેટનું રસદર્શન કરો.

8. વિવેચનાત્મક નોંધ લખો :
   (1) ‘ત્રિમૂર્તિ’ સૉનેટનું શીર્ષક સમજાવો.
   (2) ‘ઉપહાર’ સૉનેટનો આસ્વાદ કરાવો.

## વિભાગ – II

(ફરજીયાત)

9. કોઈપણ **8** MCQના ઉત્તર આપો. **8**
   (1) સૉનેટ સાહિત્ય સ્વરૂપનો ઉદભવ કયા દેશમાં થયો હતો ?
      (a) ભારત (b) સેનેગલ (c) ઈટાલી

(2) સૉનેટ શબ્દ કયા ઈંટાલિયન શબ્દ ઉપરથી આવ્યો છે ?
(a) Lyric (b) Sonneto (c) Elegy

(3) સૉનેટના મુખ્ય કેટલા પ્રકાર છે ?
(a) બે (b) ત્રણ (c) પાંચ

(4) અષ્ટક (આઠ લીટી) અને ષટ્ક (છ લીટી)ની રચના કયા પ્રકારના સૉનેટમાં હોય છે ?
(a) પેટ્રાર્કશાઈ (b) શેક્સપિયરશાઈ (c) મિલ્ટનશાઈ

(5) 'સૉનેટમાં એક જ વિચારકણ, એક જ રાગબિંદુ, એક જ અનુભવઅંશ પ્રગટ થઈ શકે' – આ વિધાન કોનું છે ?
(a) કાન્ત (b) બ.ક. ઠાકોર (c) ઉમાશંકર જોશી

(6) ગુજરાતી સાહિત્યમાં સૉનેટનો પ્રારંભ કોણે કર્યો ?
(a) સુન્દરમ્ (b) કલાપી (c) બ.ક. ઠાકોર

(7) 'આપણા સૉનેટ' સંગ્રહના સંપાદક કોણ છે ?
(a) ચંદ્રવદન મહેતા (b) ચંદ્રશંકર ભટ્ટ (c) ચંદ્રકાંત શેઠ

(8) 'વિદાય' સૉનેટના કવિનું નામ જણાવો.
(a) પ્રહ્લાદ પારેખ (b) અનિલ જોશી (c) જયંત પાઠક

(9) 'ખખડ થતી ને ખોડંગાતી જતી ડમણી જૂની ......' પંક્તિના કવિ કોણ છે ?
(a) નિરંજન ભગત (b) રાજેન્દ્ર શાહ (c) જયંત પાઠક

(10) આપેલ પૈકી કયો છંદ કવિ ઉશનસનો પ્રિય છંદ છે ?
(a) શિખરિણી (b) મંદાક્રાન્તા (c) પૃથ્વી

(11) 'તુલસીપર્ણ' સૉનેટમાં કવિ કોની મનોવ્યથા રજુ કરે છે ?
(a) બાપુજી (b) બા (c) પત્ની

(12) 'ગુજરાતી ભાષા આટલી ઓજસ્વિતા સાથે ભાગ્યે જ કોઈ કવિતામાં પ્રયોજાઈ હશે ......' - 'ભરતી' સૉનેટ વિશે આ વિધાન કોણે કહ્યું ?
(a) ઉમાશંકર જોશી (b) બ.ક. ઠાકોર (c) ગાંધીજી

(13) 'લીલા તારી' સૉનેટમાં સુરેશ દલાલે કયો છંદ પ્રયોજ્યો છે ?
(a) મંદાક્રાન્તા (b) પૃથ્વી (c) શિખરિણી

(14) સંક્ષેપીકરણમાં પરિચ્છેદનો મર્મ કે કેન્દ્રવર્તી વિચાર પ્રાપ્ત કરવો ખૂબ મહત્ત્વ કાર્ય છે. – આ વિધાન
(a) સાચું છે. (b) ખોટું છે. (c) અસ્પષ્ટ છે.

(15) સંક્ષેપ કરતી વખતે ગદ્યખંડમાંથી કઈ બાબતોને વિવેકબુદ્ધિપૂર્વક દૂર કરવી ?
(a) મર્મ (b) પર્યાયવાચી (c) શીર્ષક

(16) સંક્ષેપ લેખન માટે અંગ્રેજીમાં કયો શબ્દ વપરાય છે ?
(a) Precis writing (b) Essay writing (c) Topical writing

Seat No. : _______________

# AK-111

**April-2022**

## B.A., Sem.-VI

## CC-314/B : Gujarati

(‘અખાના છપ્પા’)

**Time : 2 Hours]** **[Max. Marks : 50**

### વિભાગ – I

**સૂચના :** નીચેના **આઠ** પ્રશ્નોમાંથી કોઈપણ ત્રણ પ્રશ્નોના જવાબ આપો : **14 × 3 = 42**

1. અખાના જીવન અને સાહિત્ય સર્જનનો પરિચય કરાવો. **14**
2. છપ્પા સાહિત્ય સ્વરૂપના લક્ષણોની ચર્ચા કરો. **14**
3. છપ્પા સાહિત્યના ઉદ્ભવ અને વિકાસને આલેખો. **14**
4. ‘અખાના છપ્પા’ ઓને આધારે અખાની કવિ તરીકેની વિશેષતાઓની ચર્ચા કરો. **14**
5. ‘અખાના છપ્પા’ ને આધારે અખાને જ્ઞાની કવિ તરીકે મૂલવો. **14**
6. ‘અખાના છપ્પા’ ઓમાં વ્યક્ત થયેલ હાસ્ય-કટાક્ષને વર્ણવો. **14**
7. ‘અખાના છપ્પા’ ઓમાં સમકાલીન સમાજનું નિરૂપણ. **14**
8. (અ) અખા છપ્પાઓમાં ચિંતન. **7**

   (બ) સંક્ષેપીકરણ કરો. **7**

   મનુષ્યમાત્રનો પોતાના પડોશી પ્રત્યે પહેલો ધર્મ છે. એમાં પરદેશીનો દ્વેષ નથી અથવા સ્વદેશીનો પક્ષપાત નથી. શરીર ધારીની સેવા કરવાની શક્તિને મર્યાદા છે. પોતાના પડોશી પ્રત્યેનો ધર્મ સહુ બરોબર પાળે તો જગતમાં કોઈ મદદ વિના દુ:ખી ન થાય. પડોશીની સેવા કરનાર આખા જગતની સેવા કરે છે, એમ કહી શકાય. પડોશી પ્રત્યેના ધર્મનું પાલન એટલે જગત પ્રત્યેના ધર્મનું પાલન. જગતની સેવા બીજી રીતે અશક્ય છે. જે પડોશીને તરછોડે છે ને પોતાના શોખને પૂરો કરે છે, તે સ્વેચ્છાચારી છે, સ્વચ્છંદી છે, તે કેવળ પોતાને જ સારું જીવે છે, જેને મન આખું જગત કુટુંબ છે. તેનામાં બધાની સેવા કરવાની શક્તિ હોવી જોઈએ. જગતની સેવા પડોશીની સેવા વડે જ થઈ શકે.

   – ગાંધીજી

### વિભાગ – II

9. નીચેના હેતુલક્ષીમાંથી ગમે તે **આઠ** પ્રશ્નોના યોગ્ય વિકલ્પ પસંદ કરી જવાબ લખો : **8**

   (1) અખાને ગુજરાતી સાહિત્યમાં ‘હસતાં કવિ’ નું બિરુદ કોણે આપ્યું છે ?

   (a) સુંદરમ્ (b) અનંતરાય રાવળ

   (c) સુરેશ જોશી (d) ઉમાશંકર જોશી

   (2) નીચેનામાંથી અખાનો સંભવિત કવનકાળ કયો છે ?

   (a) 1591 - 1656 (b) 1640 - 1655

   (c) 1630 - 1655 (d) 1635 - 1645

(3) નીચેનામાંથી અખાની કઈ વિશેષતા છે ?

(a) આખ્યાનના જનક (b) જ્ઞાનનો વડલો

(c) ચાબખા કર્તા (d) હાસ્ય કવિ

(4) ‘બ્રહ્મલીલા’ કૃતિ કઈ ભાષામાં રચાયેલી છે ?

(a) વ્રજ (b) અપભ્રંશ

(c) હિન્દી (d) ગુજરાતી

(5) અખાના કટાક્ષને ‘ત્રીજાનેત્રની પ્રસાદી’ તરીકે કોણ ઓળખાવે છે ?

(a) બ.ક. ઠાકોર (b) અનંતરાય રાવળ

(c) રમણભાઈ નીલકંઠ (d) સુરેશ જોશી

(6) 17મી સદીમાં બળવતર બનેલી જ્ઞાનમાર્ગી ધારાના મુખ્ય કવિ કોણ છે ?

(a) નરહરિદાસ (b) અખો

(c) સમયસુંદર (d) ગુણવિનય

(7) મધ્યયુગમાં અખાને કયા કવિ તરીકે ઓળખવામાં આવે છે ?

(a) કવિગુરૂ (b) કુલગુરૂ

(c) કવિ શિરોમણી (d) વેદાંતી

(8) ‘અનુભવબિંદુ’ રચના કેટલા છપ્પાઓમાં વિસ્તરી છે ?

(a) 65 (b) 50 (c) 40 (d) 45

(9) ‘અખેગીતા’ નો મુખ્ય વિષય કયો છે ?

(a) ભક્તિ (b) પ્રકૃતિ (c) તત્ત્વજ્ઞાન (d) પ્રણય

(10) અખાએ પોતાના છપ્પાઓમાં કોને ઝપટે લે છે ?

(a) કવિઓ (b) પાખંડી ગુરુ

(c) નાસ્તિકો (d) વેદાંતીઓ

(11) ‘પ્રાપ્તિ અંગ’ માં કેટલા છપ્પા છે ?

(a) 10 (b) 09 (c) 11 (d) 12

(12) ઉમાશંકર જોશીએ કોને ‘કબીરના નાનેરા ભાઈ’ તરીકે કહ્યા છે ?

(a) નાકર (b) ગોપાલ (c) અખો (d) નરહરિ

(13) અખાના છપ્પા કેટલા અંગમાં વહેંચાયેલા છે ?

(a) 44 (b) 45 (c) 46 (d) 43

(14) અખાએ સંસારનો ત્યાગ કેમ કર્યો ?

(a) ગુરુની શોધ (b) જ્ઞાનની શોધ

(c) તપસાધના માટે (d) વૈરાગી

(15) ‘અખેગીતા’ નો મુખ્ય વિષય શું છે ?

(a) પરબ્રહ્મા પ્રાપ્તિ (b) તત્ત્વવિચાર

(c) આત્મવિધા (d) માયાઅંગ

(16) ટંકશાળામાં અખા પર શેનો આરોપ મૂકવામાં આવે છે ?

(a) ચોરીનો (b) કિન્નાખોરી

(c) ભેળસેળ (d) કાળાબજારી